આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ કન્યા

આજના ગ્રહોની કુંડળી



ચંદ્ર રાત્રે સવા નવ કલાકે તુલા રાશિમાં પ્રવેશે છે. રાહુનો ગુરુ સાથે સિંહ રાશિનો પ્રવેશ ચાંડાલ યોગ ઉભો કરે છે - મોટા પ્રમાણમાં નરસંહારનો - ઓગસ્ટ માસ સુધીનો યોગ છે.

મેષ શનિની અઢી વર્ષની પનોતી તા. ૨૬-૧-૨૦૧૭ના રોજ પૂરી થાય છે. ગુરુ - રાહુનો ચાંડાલ યોગ સંતાનો અંગે પ્રશ્નો ઉભા કરાવી શકે.

વૃષભ આઠમે શુક્ર - બુધ તમારો દિવસ આનંદમાં પસાર કરાવે. નવો મિત્રતાનો સંબંધ બંધાય જેનાથી આનંદ મળે. ચોથે ચાંડાલ યોગ માતા-પિતાને તકલીફો આપે.

મિથુન અણધારી આવક વધશે. લાભ મળશે. તંદુરસ્તી જાળવવી - બહારનું ખાવાપીવાની તકેદારી રાખવી - દિવસ આનંદમય પસાર થાય.

કર્ક કૌટુંબિક વિખવાદ તેમજ ભાગીદાર સાથેના થયેલ મતભેદ અને મન દુઃખ ધીરેધીરે દૂર થઈ શકે છે. જતુ કરવાની ભાવના કેળવશો તો જરૂર લાભ થશે.

સિંહ શનિની અઢી વર્ષની પનોતી તા. ૨૬-૧-૨૦૧૭ના રોજ પૂરી થાય છે. રાશિમાં ચાંડાલ યોગ શરૂ થાય છે. રાશિનો કાલ સર્પ યોગ શરૂ થાય છે. ઈષ્ટદેવની પૂજા-ભક્તિ જ રાહત આપે.

કન્યા રાશિમાં ચંદ્ર આનંદ પ્રમોદમાં દિવસ પસાર થવાનું સૂચવે છે. પરંતુ બારમે રાહુનો પ્રવેશ વ્યગ્રતા લાવે - મિશ્રફળ આપે. ધ્યાન રાખીને દિવસ પસાર કરવો.

તુલા શનિની સાડાસાતી પનોતી તા. ૨૬-૧-૨૦૧૭ના રોજ પૂરી થાય છે. ચાંડાલયોગ લાભ અને આવકો તથા પ્રવાસો પર કાપ મૂકે છે. ઈષ્ટદેવની પૂજાથી નુકસાન ઓછું થાય.

વૃશ્ચિક તા. ૨૬-૧-૨૦૧૭ના રોજ શનિની પનોતીના પાંચવર્ષ પૂરા થશે. દસમે ચાંડાલ યોગ તમારી પ્રગતિ અને ઉન્નતિ પર કાપ મૂકી શકે છે - ઈષ્ટદેવની ભક્તિ કરવી.

ધન તા. ૨૬-૧-૨૦૧૭ના રોજ શનિની પનોતીના પ્રથમ અઢી વર્ષ પુરાં થશે. રાશિપતિ રાહુ સાથે સિંહ રાશિમાં હોઈ કોઈપણ પ્રકારની હાનિ થઈ શકે છે - કાળજી રાખવી.

મકર આઠમે ગુરુ રાહુ સિંહ રાશિમાં યુતિ કરતાં હોઈ વાગવા - પડવા - દાઝવાથી સાચવવાનું સૂચવી જાય છે - ધ્યાન રાખીને વાહન ચલાવવાની જરૂર છે.

કુંભ સાતમે ચાંડાલ યોગ - કાલ સર્પ યોગ વિગેરેના કારણે તમારે તમારા ઈષ્ટદેવ અને મહાદેવની પૂજા - ભક્તિ કરવી જરૂરી છે. પૂજા ભક્તિથી જ દુઃખોનું નિવારણ થઈ શકે.

મીન આજે રાહુ સાતમેથી છઠ્ઠે આવેલ છે - હવે ધીરે ધીરે તંદુરસ્તી સારી થાય - હવે ચિંતા કરવા જેવું નથી - ખોટા વિચારોથી દૂર રહેશો તો તે તમારા માટે ફાયદાકારક છે.

કંપની સમાચાર

લુબ્રિઝોલની સીપીવીસી વિસ્તરણ યોજના પૂર્ણ, ભારતમાં કમ્પાઉન્ડિંગ પ્લાન્ટનો શુભારંભ

લુબ્રિઝોલ કોર્પોરેશને ભારતમાં દહેજ(ગુજરાત)માં ક્લોરિયુક્ત પોલીવિનાઈલ ક્લોરાઈડ (સીપીવીસી) કમ્પાઉન્ડિંગ પ્લાન્ટનું ઔપચારિક ઉદ્‌ઘાટન કરવાની જાહેરાત કરી છે. આ ઉદ્‌ઘાટન કંપનીના ફ્લોગાર્ડ, બ્લેઝમાસ્ટર અને કોરઝન કમ્પાઉન્ડિંગ મેનુફેક્ચરિંગ સાઈટના વૈશ્વિક વિસ્તરણમાં લુબ્રિઝોલના નવીનતમ અગ્રણી રોકાણનું પ્રતિનિધિત્વ કરે છે. તાજેતરમાં થયેલા આ રોકાણની જાહેરાત વર્ષ ૨૦૧૩માં થઈ હતી, જેમાં ૨૦૦ મિલિયન ડોલર (૧૩૦૦ કરોડ રૂપિયા)થી વધારેનું રોકાણ છે એ વર્ષ ૨૦૧૫માં થાઈલેન્ડના રેયોંગમાં સંયુક્ત રોકાણ સ્વરૂપે રેજિંગ મેનુફેક્ચરિંગ સુવિધાનું ઉદ્‌ઘાટન અને સાથે સાથે કંપનીની લુઈસવિલ કેટન્કીમાં કંપનીના ઉત્પાદન સુવિધાનું વિસ્તરણ સામેલ છે.

દહેજ વ્યૂહાત્મક રીતે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમમાં સ્થિત છે, જે ભારતના સૌથી મોટા કેમિકલ પાર્કમાંથી એક છે. લુબ્રિઝોલ ભારતના ગુજરાત સ્થિત દહેજમાં કામગીરી સ્થાપિત કરવા સીપીવીસી અગાઉ મુખ્ય વૈશ્વિક ઉત્પાદક છે. લુબ્રિઝોલના દહેજ પ્લાન્ટની વાર્ષિક સંયુક્ત ઉત્પાદન ક્ષમતા લગભગ ૫૫,૦૦૦૦ મેટ્રિક ટન છે. આ પ્લાન્ટમાં ૫૦ મિલિયન અમેરિકન ડોલરનું રોકાણ (રૂ. ૩૨૫ કરોડ) ભારતીય બજારમાં લુબ્રિઝોલની પ્રતિબદ્ધતા દર્શાવે છે. કંપનીના આ નવા પ્લાન્ટનું મુખ્ય લોકેશન કંપનીના વધતા ભારતીય બજારની સાથે દક્ષિણ પૂર્વ એશિયા, મધ્ય પૂર્વ અને પૂર્વ આફ્રિકામાં પોતાના ફ્લોગાર્ડ, બ્લેઝમાસ્ટર અને કોરઝન વ્યવસાયોના વિકાસને મજબૂતી પ્રદાન કરશે.

ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એસોસીએશન્સ, ગુજરાતના નેજા હેઠળ ૫ થી ૭ ફેબ્રુઆરી દરમિયાન અમદાવાદ ખાતે "ગુજટેક-૨૦૧૬ ઔદ્યોગિક પ્રદર્શન" યોજાશે

ગુજરાતભરમાં પથરાયેલ આશરે ૧૮૦ જેટલી જીઆઈડીસી ઔદ્યોગિક વસાહત અને વિવિધ ૧ લાખથી વધુ ઔદ્યોગિક એકમોનું રાજ્યસ્તરે પ્રતિનિધીત્વ કરતી સંસ્થા, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એસોસીએશન્સના નેજા હેઠળ, આગામી તા. ૫ થી ૭ ફેબ્રુઆરી-૨૦૧૬ દરમિયાન અમદાવાદ એજ્યુકેશન સોસાયટી, હેલમેટ ચાર રસ્તા, અમદાવાદ ખાતે "ગુજકેટ-૨૦૧૬ ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્પો"ના નામે એક ભવ્ય ઔદ્યોગિક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શન ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના શુભહસ્તે તા. ૫ ફેબ્રુઆરી-૨૦૧૬ના સવારે ૧૦ કલાકે ખુલ્લુ મુકાશે. આ સુચિત "ગુજકેટ-૨૦૧૬" ઔદ્યોગિક પ્રદર્શનનો મુખ્યત્વે રાજ્યના સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગોને તેઓના ઉત્પાદન ખુબ જ રાહત દરે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રદર્શિત કરવાની તક આપી તેઓના ઉદ્યોગોના વિકાસ માટે પ્રોત્સાહિત કરવાનો છે. ઉપરાંત મોટા કદના ઉદ્યોગકારોને તેઓના ઉત્પાદનો માટે સક્ષમ વેન્ડરો એક જ જગ્યાએથી મળી રહે એ માટે ગુજકેટ-૨૦૧૬ એક મોટુ પ્લેટ ફોર્મ પુરૂ પાડશે. "ગુજકેટ-૨૦૧૬" ઔદ્યોગિક પ્રદર્શનના ચેરમેનશ્રી કે.ટી. પટેલના જણાવ્યા મુજબ આ પ્રદર્શનમાં જુદા જુદા લગભગ ૨૦ ઔદ્યોગિક સેક્ટરોમાંથી ૩૦૦થી વધુ ઉદ્યોગકારો અંદાજે ૫,૦૦૦ ચો.મી. વિસ્તારમાં પોતાના ઉત્પાદનો પ્રદર્શિત કરશે.

સરકાર અસંવેદનશીલ બની અહમ સંતોષવાના પ્રયાસો કરે છે : શંકરસિંહ

અમદાવાદ, તા.૨૯

ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આજે પત્રકાર મિત્રોને સંબોધતા જણાવ્યું હતું કે, ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક જે છેલ્લા ૧૫ વર્ષથી ગાંધીનગર દિલ્હીના આંટાફેરા મારે છે એ બીલ ફરી સપ્રેમ ગુજરાત સરકારને રાષ્ટ્રપતિ અને કેન્દ્રના ગૃહ મંત્રાલયે પરત મોકલી આપ્યું છે. અહમ અભિમાનની એક મર્યાદા હોય છે. સરકાર નફફટ બનીને પોતાનો અહમ સંતોષવા માટે ફરી પણ બીલ માટે પ્રયત્ન કરવાની હોય તો ભાજપની ગુજરાતની સરકાર માટે તે શરમજનક કહેવાય, અપમાનજનક પણ કહેવાય. રાજકારણમાં હિસાબ કિતાબ પતાવવા માટે કાયદાનો આશરો લેવા ન જોઈએ. કાયદાના નિષ્ણાત અધિકારીઓ કે જે સરકારની કરોડરજ્જુ સમાન હોય છે, જે અધિકારઓને કાયદાની મર્યાદા, દેશનું બંધારણ, ભારત સરકારના ગૃહ મંત્રાલયની માહિતી નાગરિક સ્વાતંત્ર્યના મુદ્દા વગેરે ખબર હોવા છતાં તેવા લોકોએ સરકારની ખોટી હામાં હા કરીને જે બીલ અને તેમાં સુધારા સુચવ્યા હોય, તેમની સામે પગલા લેવા જોઈએ. આવા અધિકારીઓએ તેના અમલ ન કરતા બહુ બહુ તો માને બાપની વહુ લખીને બીલ પાછું મોકલી આપ્યું છે. આવા અધિકારીઓ કે જે ગુજરાતની પ્રજાની આબરૂ આ સરકારના માધ્યમથી ઓછી કરી રહ્યા છે તેઓને સસ્પેન્ડ કરવા જોઈએ, નોકરીમાંથી રીટાયર્ડ કરવા જોઈએ. વાઘેલાએ જણાવ્યું હતું કે, અમદાવાદની સાબરમતી જેવમાં સુરંગ ખોદાઈ ત્યારે શુ નહોતો અક્ષરધામ પર હુમલો થયો, લાલ કિલ્લા પર હુમલો થયો, સંસદભવન પર હુમલો થયો, પઠાણકોટ પર હુમલો થયો, રંઘુપતિ મંદિર-જમ્મુમાં હુમલો થયો ત્યારે શું કાયદા નહોતા ભાજપના આધિપત્યવાળી સરકાર હોવા છતાં આવા અનેક હુમલાઓ વખતે લોકોને બચાવી શક્યા નથી અને કાયદો અને વ્યવસ્થા જાળવી શક્યા નથી. એટલે કાયદા હોવા છતાં આ બધુ થાય છે. ગુજરાતમાં છેલ્લા ૧૫ વર્ષથી એક જ પક્ષની સરકાર, એક જ પક્ષના ગૃહ મંત્રી, એક જ પક્ષના ટેકાથી બનેલા રાષ્ટ્રપતિ, જો સુધારા વધારા સાથે બીલ પરત મોકલતા હોય અને સરકાર તેમાં ત્રાસવાદ જેવો એકાદ શબ્દ ઉમેરીને પાછુ મોકલી આપે તે શરમજનક કહેવાય.

રાજકારણમાં હિસાબ-કિતાબ પતાવવા કાયદાનો આશરો લેવો જોઈએ નહીં : શંકરસિંહ વાઘેલાના ગંભીર આક્ષેપો

ઈસરી-રેલ્વાવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા મા અમૃતમ્ કાર્ડનું વિતરણ

મેઘરજ તાલુકાના ઈસરી પ્રા.આ. કેન્દ્ર ખાતે મા અમૃતમ યોજના માટે ગરીબોને ૧.૨૦ લાખની આવકવાળાને ૨ લાખ સુધીની મફત સારવાર મળે તે માટે કાર્ડ આપવાની કાર્યવાહીમાં ૪૦૦ વ્યક્તિઓના ફોર્મ આવેલા જેમાંથી માત્ર ૩૫ કાર્ડ નીકળ્યા અને રેલ્લાવાડા પ્રા.આ. કેન્દ્રમાં પણ ૩૦૦થી વધારે વ્યક્તિો હાજર હતા. આ પ્રક્રિયા માત્ર એકજ દિવસ માટે પીએચસી ઉપર ચાલે છે. જેથી તમામ જનતાને કાર્ડ ક્યારે મળશે ? વધારે મશીનરી હોય તો અથવા ચાર-પાંચ દિવસ કામગીરી ચાલે તો જ લક્ષ્યાંક સિદ્ધ થાય. અરવલ્લી જિલ્લા ડીપીઓ મીહીર ક્યુએમએ આશિષ નાયક અને સીડીએચઓ અમરનાથ વર્માના આદેશથી આ કામગીરી પીએચસી ઉપર માત્ર એકજ દિવસ માટે હાથ ધરાઈ હતી. જ્યારે સારવારમ માટે સાબરકાંઠા જિલ્લામાં માત્ર એકજ હોસ્પિટલ યોગ્ય ગણી છે જે વ્યાજબી નથી.

તલોદમાં મુખ્યમંત્રી અમૃતમ્ યોજનાની મોબાઈલ વાનનું લોકાર્પણ કરાયું

તલોદ, તા. ૨૯

પ્રજાસત્તાક દિને તલોદ ખાતે મુખ્યમંત્રી અમૃતમ્ યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લા માટે એક મોબાઈલ કિયોસ્ક વાનનું લોકાર્પણ મંત્રી જયદ્રથસિંહજી પરમાર દ્વારા લીલી ઝંડી ફરકાવી કરવામાં આવ્યું હતું.

જેનો લાભ લાભાર્થીઓને ગામે ગામ મળશે. આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર સંસદસભ્ય દિપસિંહજી રાઠોડ, જિલ્લા પોલીસ વડા ધારસભ્ય મહેન્દ્રસિંહજી બારૈયા તેમજ જિલ્લા પંચાયતના સદસ્ય અભેસિંહજી ઝાલા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, તાલુકા પંચાયત તેમજ નગરપાલિકા તલોદના પ્રમુખ અને તાલુકા હેલ્થ ઓફિસર તલોદ, પી.એસ.આઈ. તલોદ, આરોગ્ય અને પોલીસ સ્ટાફ તેમજ ઉત્સાહી નગરજનો હાજર રહ્યા હતા.

મુંબઈના દાતા દ્વારા મેઘરજ તાલુકાની ૧૫ શાળાના બાળકોને સ્વેટર વિતરણ

મેઘરજ, તા. ૨૯

માનવી ઘણુ કમાતો હોય પરંતુ દાન કરવાની ભાવના ઘણા ઓછામાં હોય છે. દાન કરવાથી ગરીબને શાંતિ મળે છે અને દાતાની બરકતમાં વધારો થાય છે.

મેઘરજ તાલુકાના પટેલ છાપરાના વતની કમલેશભાઈ પી. પટેલ (એલ.આઈ.સી.વાળા) ૨૦ વર્ષ પહેલા મુંબઈ હતા ત્યારે જે શેઠનો પરિચય થયો તેમને આ વિસ્તારની ચર્ચા કરતાં શેઠશ્રી વિસનજી છાડવા - રમણીકભાઈ શાહ - ભગવાનજી છાવડા - પ્રવિણચંદ્ર શાહ - કિશોરભાઈ બૌવા - ચરણદાસ શૂઝ કંપની મુંબઈ દ્વારા આ મેઘરજ તાલુકાની ૧૫ પ્રાથમિક શાળાના ૮૦૦ બાળકોને ગરમ સ્વેટર વિતરણ કરવામાટે મોડાસા એલ.આઈ.સી. બ્રાન્ચ મેનેજર પરમાર પ્રફુલભાઈ જયંતિભાઈ, નવાગામના ડાહ્યાભાઈ શેઠ, પ્રવિણભાઈ સીઆરસી નિરવભાઈની અધ્યક્ષતામાં ખાખરીયા પ્રા. શાળામાં સ્વેટર વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સરપંચ રામાભાઈ રાઠોડે છગનભાઈ પંચાલે સ્વાગત કરેલ. ગેડ શાળામાં રાસ-ગરબા, નૃત્ય, પ્રાર્થનાથી વિવિધ કાર્યક્રમ કરી મહેમાનોને શાલ ફૂલછડીથી સ્વાગત કરેલ. આચાર્ય કમલેશભાઈ પટેલ (ખાખરીયા), રૂમાલભાઈ (ગેડ) આયોજક જયંતિભાઈ પટેલ, ભીખાભાઈ અને નીતાબેન દ્વારા સુંદર આયોજન કરેલ. એસએસસી અધ્યક્ષ શૈલેષભાઈ અને ઘનશ્યામસિંહ દ્વારા આવા દાતાનો આભાર માન્યો હતો. મુંબઈ નિવાસી શેઠનું ૧૫ શાળામાં નામથી ભવ્ય સ્વાગત કરવામાં કમલેશભાઈ પટેલનો પણ આભાર માન્યો હતો.

આજે સાબરમતી આશ્રમમાં સર્વધર્મ પ્રાર્થના યોજાશે

અમદાવાદ, તા.૨૯

૬૮મા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે તા.૩૦ જાન્યુઆરી-૨૦૧૬, શનિવારે ૮-૩૦ કલાકે સાબરમતી આશ્રમ, અમદાવાદ ખાતે સર્વધર્મ પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં આ દિવસે પ્રાર્થના પછી સંનિષ્ઠ અને દૃષ્ટિવંત કેળવણીકાર, ગુજરાતી નઈ તાલીમ સંઘ જેવી વિવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલા મનસુખભાઈ સલ્લાનું ગાંધી વ્યાખ્યાનમાળા અંગે પ્રવચન યોજાશે. ૩૦ જાન્યુઆરીએ યોજાનાર સર્વધર્મ પ્રાર્થના અને પ્રવચનમાં પરિવારજનો, સહયોગીઓ સહિત જાહેર જનતાને ઉપસ્થિત રહેવા સાબરમતી આશ્રમ સુરક્ષા અને સ્મારક ટ્રસ્ટના મંત્રીની યાદીમાં જણાવાયું છે.

ધાનેરાના ગ્રામજનો દ્વારા ધરતી પૂજન કરાયું

ધાનેરા, તા. ૨૯

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ખાતે ૨૬મી જાન્યુઆરી નિમિત્તે ધાનેરાવસી દ્વારા ધરતી પૂજન કરવામાં આવ્યું હતું. જેમાં ધાનેરાની તમામ સોસાયટીમાં લોકોએ ધરતી માતાની આરતી કરી ફૂલહાર ચડાવી પૂજા અર્ચના કરી હતી.

આજથી પંદર વર્ષ પહેલા ધરતી માતાએ રૂદ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતુ અને મોટી સંખ્યામાં લોકો મોતને પણ ભેટ્યા હતા, જ્યારે અનેક પરિવાર બેઘર પણ બન્યા હતા અને લોકો ધરતી માતાને ભુલી ગયા છે તે યાદ કરાવવા માટે ધરતી માતાએ પ્રકોપ વેર્યો હતો પરંતુ સદનસીબે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ખાતે કોઈ જાનહાની ન થતા તે દિવસથી ધાનેરાના લોકોએ ૨૬મી જાન્યુઆરીના દિવસે ધરતી માતાને નમન કરે છે અને આરતી તેમજ પૂજા અર્ચના કરે છે. ૨૬મી જાન્યુઆરીના દિવસે ધાનેરાની મોટા ભાગની સોસાયટીમાં ધરતી માતાનું પૂજન કરવામાં આવ્યું હતું. છેલ્લા પંદર વર્ષથી ધાનેરાના લોકો ધરતી માતાની પૂજા અર્ચના કરે છે અને અમે ધરતી માતાને નથી ભૂલ્યા તે સાબિત પણ કરે છે.

આત્મવિલોપનનો પ્રયાસ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

દરમ્યાન જેલમાં ગયેલા હાર્દિક પટેલ સહિતના પાટીદારોને જેલમુક્ત કરવા સરકાર સાથે સમાધાનના પ્રયાસો ચાલી રહ્યા છે. પરંતુ કોઈ પરીણામ ન આવતા પંચમહાલ કલેક્ટરને નિરવ પટેલે પોતે આત્મવિલોપન કરવા ગાંધીનગર જવા અંતર્ગત પત્ર લખ્યો હતો. ૭ જાન્યુઆરીએ કલેક્ટરે નિરવ પટેલને આત્મવિલોપન ન કરવા વાટાઘાટ કરી હતી. જો કે હજુ સુધી હાર્દિક સહિત કોઈ પાટીદારને જેલમુક્ત કરવામાં ન આવતા આજે સવારે નિરવ પટેલ ગાંધીનગર આવી પહોંચ્યો હતો. રિક્ષામાં સચિવાલય સામે ગેટ નં. ૧ બહાર આવી પહોંચ્યા બાદ કેરોસીનનો કેરબો રિક્ષામાંથી નિકાળી તેણે પોતાના શરીરે કેરોસીન છાંટી દીધુ હતુ. દિવાસળી સળગાવવા ગયો ત્યાં જ ગાંધીનગર એલસીબી, એસઓજી તથા સ્થાનિક પોલીસની ટીમ ત્યાં આવી પહોંચી હતી અને કેરોસીનનો કેરબો, દિવાસળી ભરેલી માચીસ સહીતનો સામાન છીનવી લઈ નિરવ પટેલની અટકાયત કરી તેને આત્મવિલોપન કરતા અટકાવી લેવામાં પોલીસ સફળ રહી હતી.

વિશ્વમાં ડંકો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

અને યુએસ ઓપનમાં મહિલા ડબલ્સનો તાજ જીત્યો હતો.

જ્યારે મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે આજે રમાયેલી ત્રણ મેચોની બીજી ટ્વેન્ટી મેચમાં ભારતે ઓસ્ટ્રેલિયા ઉપર ૨૭૨ને જીત મેળવીને ટ્વેન્ટી શ્રેણી જીતી લીધી હતી. આની સાથે જ ભારતે એક મોટી સફળતા હાંસલ કરી લીધી હતી.

ઓસ્ટ્રેલિયામાં પાંચ વનડે મેચોની શ્રેણી ૪-૧થી ગુમાવ્યા બાદ ટ્વેન્ટી શ્રેણીમાં જીતથી નૈતિક જુસ્સો વધી ગયો છે. આજે ભારતે ઓસ્ટ્રેલિયાએ સામે તેની સતત ત્રીજી જીત મેળવી હતી. પાંચમી વનડે મેચમાં જીત મેળવ્યા બાદ ભારતે સતત બે ટ્વેન્ટી મેચો જીતી છે. જીતવા માટેના ૧૮૪ રનના ટાર્ગેટ સામે ઓસ્ટ્રેલિયાએ ૧૫૭ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયા તરફથી ફિંચે સૌથી વધુ ૭૪ રન બનાવ્યા હતા. ૪૮ બોલમાં આઠ ચોગ્ગા અને બે છગ્ગા સાથે આ રન બનાવવામાં આવ્યા હતા. અગાઉ ભારત તરફથી રોહિત શર્માએ ૬૦, શિખર ધવને ૪૨, વિરાટ કોહલીએ અણનમ ૫૯ રન બનાવ્યા હતા.

કાર્યકરોની અટકાયત

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પટેલની પોલીસે અટકાયત કરી લીધી હતી. નિરવ પટેલના આત્મવિલોપનના પ્રયાસના સમર્થનમાં આ કાર્યકરો સચિવાલય કૂચ કરી રહ્યા હોવાનું સમજીને પોલીસે તકેદારીના ભાગરૂપે તમામની અટકાયત કરી સાંજે પાંચ વાગ્યા સુધી પોલીસ સ્ટેશનમાં રાખ્યા જ્યારે કાર્યકરો ગાંધીનગર સચિવાલય તરફ નિરવ પટેલને આત્મવિલોપન કરતા અટકાવવા માટે આવી રહ્યા હોવાની કેફીયત આપી રહ્યા હતા.

આજે શહીદ દિન

ગાંધીનગરમાં સચિવાલય અને પ્રેસ ખાતે ૧૦.૫૯ મિનિટે સાયરન વગાડવામાં આવશે : શહીદો માટેની યાદમાં બે મિનિટ મૌન રખાશે

અમદાવાદ, તા.૨૯

ભારતના સ્નાતંત્ર્ય સંગ્રામમાં જે શહીદવીરોએ પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે તેવા શહીદોની સ્મૃત્તિમાં ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૬ને શનિવારે બલિદાન આપનારા શહીદવીરો પ્રત્યેનું ઋણ અદા કરાશે. સમગ્ર દેશમાં શક્ય હોય તેટલા પ્રમાણમાં કામકાજની અને વાહનવ્યવહારની ગતિને બે મિનિટ સુધી બંધ રાખવા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જણાવાયું છે. શનિવાર તા.૩૦મી જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ સવારે ૧૦.૫૯ થી ૧૧.૦૦ કલાક સુધી સાયરન વગાડાશે. સાયરન બંધ થાય કે તુરંત જ જ્યાં કાર્ય કરતા હોય તેવા બધા જ સ્થળોએ કામ કરનાર સૌ પોતપોતાની જગ્યાએ શાંત ઉભા રહી શકય હોય તો ભેગા મળી, મૌન પાળે, જ્યા શક્ય હોય ત્યાં વર્કશોપ, કારખાના અને કચેરીઓનું કામકાજ બંધ રાખવામાં આવે આકાશવાળી બે મિનિટ પોતાના કાર્યક્રમ બંધ રાખે અને રસ્તાઓ પરના વાહનવ્યવહાર શક્ય હોય ત્યાં સુધી થંભી જાય તે જોવા વિનંતી કરવામાં આવી છે. મૌનનો સમય પુરો થયો છે. એમ બતાવવા બરાબર ૧૧.૦૨ થી ૧૧.૦૩ કલાક સુધી સાયરન ફરીથી વાગશે ત્યારે રાબેતા મુજબનું કામકાજ ફરીથી શરૂ કરવું. જે સ્થળોએ સાયરન અથવા અન્ય કોઈ સંકેતની વ્યવસ્થા નહી ત્યાં સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળવા માટે સંબંધિતોને જાણ કરતા આદેશો સંબંધિત તમામ કચેરીઓએ બહાર પાડવાના રહેશે. અન્ને ઉલ્લેખનીય છે કે, ગાંધીનગરમાં પણ સાયરનની વ્યવસ્થા કરવામાં આવી છે તે મુજબ સચિવાલય સરકીટ હાઉસ પ્રેસ વિધાનસભા સચિવાલય અને પાટનગર યોજના ભવન ઉપર સાયરનો મુકવામાં આવી છે તે સાયરનો પણ ઉપર મુજબના સમયે વગાડવામાં આવશે. શહીદવીરો પ્રત્યે મૌન પાળવાના અવસરને ગૌરવશાળી બનાવવામાં સહયોગ કરવા અને સ્વદેશ માટે પ્રાણની આહુતિ આપનાર શહીદો પ્રત્યેનું ઋણ અદા કરવા સહકાર મળશે એવી શ્રદ્ધા સાથે રાજય સરકાર દ્વારા અપીલ કરવામાં આવે છે.

તલોદમાં બાપા સીતારામની પુણ્યતિથિ ઉજવાઈ

તલોદ, તા. ૨૯

તલોદના મહિયલ વિસ્તારમાં આવેલી બાપા સિતારામની મઢીએ બાપા સિતારામની ૩૯મી પુણ્યતિથિ ધામધૂમથી ઉજવવામાં આવી હતી. ભક્તિ અને આસ્થાના સમન્વય સમા આ પ્રસંગે સંતો અને મહંતો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અનેક વિવિધ ધાર્મિક પ્રસંગોથી ઝળહળી ઉઠેલી આ મઢીએ મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડી દર્શનનો લાભ લઈ ધન્ય બનાયા હતા.

તલોદના મહિયલમાં તળાવ કિનારે બનાવેલ રમણીય મઢીમાં બગદાણાના ચમત્કારીક સંત બાપા સિતારામની ૩૯મી પુણ્યતિથિ ભારે આનંદ અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવી હતી. પોષ સુદ ચોથની પવિત્ર તિથિએ ઉજવાયેલી આ પુણ્યતિથિમાં ગારિયાધારથી આલોકનાથ મહારાજ તથા પોરબંદરથી એકનાથબાપુ ખાસ ઉપસ્થિત રહી પ્રસંગને દિપાવ્યો હતો. મંદિરના મહંત વેદનાથ મહારાજે તમામ સંતોનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. વધુમાં રવિન્દ્રનાથ મહારાજ, સુવર્ણનાથ મહારાજ, નારાયણનાથ મહારાજ, જીનામવાળા વિરજીબાપુ (કાપડીબાપુ) આ પ્રસંગમાં ભાગ લેવા પધાર્યા હતા. સંતો-મહંતોનો આ પ્રસંગે મેળાનવડો થતા અલૌકિક દશ્યો ઉભા થયા હતા.

ધી ગાંધીનગર નાગરિક કો.ઓ. બેન્ક લિ.

પ્લોટ નં. ૩૯૧, ઘ-૪૧, સેક્ટર-૧૬, ગાંધીનગર

જાહેર નિવિદા

(૧) આથી રસ ધરાવનાર વ્યક્તિ / પેઢીઓને જણાવવાનું કે, બેન્કના સેક્ટર-૬ ખાતે આવેલ હરાજીથી ખરીદી કરેલ ૧૫૦ મીટરના પ્લોટ નંબર - ૧૫૩૨ના મકાન બાંધકામ કામકાજ માટે તેને લગતા કામકાજ જેવા કે ખોદાણ, માટીકામ, ઉધઈ ટ્રીટમેન્ટ, સોઈલ ટેસ્ટીંગ, ચણતર, પ્લાસ્ટર, તમામ પ્રકારના આર.સી.સી. અને કોન્ક્રીટ કામ (ફૂટીંગ, બીમ, કોલમ, પરદી, પી.સી.સી., ફ્લોરીંગ) સેનેટરી પ્લમ્બિંગ, ઈલેક્ટ્રીક ફીટીંગ્સ, લાકડા કામ જેમાં ફ્રેમ, દરવાજા, બારીઓ, લોખંડ ગ્રીલ, પોલીશ કામ, કલર કામ વગેરે ઉપર જણાવેલ તમામ કામકાજ મજુરી (લેબર)થી આપવાના હોઈ પોતાની મજુરી કામકાજ અંગેના ભાવો આ જાહેરાતની તારીખથી દિન-૧૦ની અંદર ઉપરોક્તસ સરનામે રજી.એ.ડી. પોસ્ટથી મોકલી આપવા તથા કવર ઉપર કામનું નામ અવશ્ય લખવું.

(૨) ઉપર જણાવેલ કામ માટે જરૂરી માલસામાન જેમ કે રેતી, સીમેન્ટ, ગ્રીટ/કપચી/મેટલ, લોખંડ, ઈંટો વગેરેના ભાવો પણ રસ ધરાવતી પેઢીએ જાહેરાતની તારીખથી દિન-૧૦માં મોકલી આપવા તથા કવર ઉપર માલની વિગત અચૂક દર્શાવવી.

(૩) ભાવપત્રક મંજુર કરવા અથવા ન કરવા અથવા એજન્સી નક્કી કરવાનો તમામ અધિકાર બેન્ક અબાધિત ધરાવે છે.

લિ.
મેનેજિંગ ડિરેક્ટર